જી.સી.ઇ.આર.ટી. – ગાંધીનગર, નયારા એનર્જિસ લિમિટેડ અને I to We ડેવલપમેન્ટ ફાઉન્ડેશન

પ્રેરિત,

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર

આયોજિત

## જામનગર જિલ્લાનો

# છઠ્ઠો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ

## વર્ષ : 2020-21

તારીખ : 04/01/2021

| પ્રેરક | માર્ગદર્શક |
|---|---|
| ડો. ટી.એસ. જોશી | શ્રી કે.વી. રીંડાણી |
| નિયામક | પ્રાચાર્ય |
| જી.સી.ઇ.આર.ટી. | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન |
| ગાંધીનગર | જામનગર |

સંકલન :


| | |
|---|---|
| જીજ્ઞેશ જે. કાનાણી | એસ.એમ. રેહિલ |
| લેક્ચરર | લેક્ચરર |
| આઇ.એફ.આઇ.સી. શાખા | આઇ.એફ.આઇ.સી. શાખા |
| ડાયેટ – જામનગર | ડાયેટ – જામનગર |

# પ્રસ્તાવના

દેશના શિક્ષણનો આધાર શિક્ષણના વિચારોના નાવીન્યમાં રહેલો છે. વર્ગખંડનું શિક્ષણ એ નવીન વિચારો અને તેના અમલીકરણથી ઘડાય છે. હાલના સંજોગોમાં કોરોનની મહામારીને કારણે દેશના શિક્ષણમાં અને વર્ગખંડ શિક્ષણમાં આમૂલ પરીવર્તન આવ્યું છે. જેમાં ખાસ કરીને વર્ચ્યુઅલ ક્લાસ, હોમ લર્નિંગ, જાતે શિખી, એકમ કસોટીનું આયોજન, online શિક્ષણ જેવી બાબતો તેમજ DIKSHA પ્લેટફોર્મ દ્વારા શિક્ષકોની તાલીમનું આયોજન એ મુખ્ય બાબતો રહેલી છે.

શિક્ષક તરીકે આપણે હવે એ વિચારવાનું છે કે ટેકનોલોજિ હજી કઈ રીતે વધુ અસરકારક અને યુઝર ફ્રેંડલી થઈ શકે. શિક્ષણમાં આવા નવાચાર દ્વારા શિક્ષકોએ કરેલ નાવીન્યપૂર્ણ પ્રવૃતિઓના પ્રચાર અને પ્રસાર માટે ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન ઓનલાઈન કરવમાં આવેલ હતું.

જામનગર જિલ્લાના તાલુકા કક્ષાના ઓનલાઈન ઇનોવેશન ફેસ્ટિવલમાં કુલ 43 નવતર પ્રયોગો રજૂ કરવામાં આવેલ હતા. જેમાથી 15 ઇનોવેશન જિલ્લા કક્ષા માટે પસંદ થયેલ હતા. જેની રજૂઆત શિક્ષકો દ્વારા જિલ્લા કક્ષાના ઓનલાઈન એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલમાં કરવામાં આવી હતી.

આ પ્રવૃતિમાં ભાગ લેનાર તમામ શિક્ષકો અભિનંદનને પાત્ર છે. જિલ્લા કક્ષાએ રજૂ થયેલા નવતર પ્રયોગોની વિગતો જિલ્લાના અન્ય શિક્ષકો સુધી પહોચતી કરવાના આશયથી શિક્ષકોની નવતર પ્રવૃતિઓની સમજ આપતી આ બૂકલેટ આપના સુધી પહોચતી કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. આશા છે કે આ બૂકલેટમાં રજૂ થયેલ નવતર પ્રયોગો અન્ય શિક્ષકોને તેમની વર્ગખંડ પ્રવૃતિ કરવા માટે પ્રેરણા અને પ્રોત્સાહનરૂપ બનશે. બૂકલેટ સંદર્ભે આપના સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

કે.વી. રીંડાણી

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જામનગર

# અનુક્રમણિકા


| ક્રમ | શિક્ષકનું નામ | ઇનોવેશનનું નામ | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| 1 | દિપ્તી દિપેશ નથવાણી | LIVE S.S. FAIR 2.0 (એક અનોખો સામાજિક વિજ્ઞાન મેળો LIVE) | 1 |
| 2 | દિપક ધારવિયા | હર શામ કલામ કે નામ | 3 |
| 3 | મનીષા રસીકલાલ  ચંડીભમર | EASY ENGLISH ACTIVITY ADVANCE (ONLINE) | 6 |
| 4 | કલ્પેશભાઇ ચોટલીયા | ગમે ત્યાં, ગમે ત્યારે, પોતાની અનુકૂળતાએ જ.ન.વિ. ધોરણ : 6 પ્રવેશ પરીક્ષાની ઓનલાઇન તૈયારી | 7 |
| 5 | રસુલભાઇ એરંડિયા | કોરોનાની મહામારી વચ્ચે શિક્ષણ, પ્રશિક્ષણ અને પ્રોત્સાહન | 10 |
| 6 | મિનલબેન વંકાણી | “ઓનલાઇન પ્રવુતિ દ્વારા વિજ્ઞાન રહસ્યો સમજીએ” | 13 |
| 7 | જયેશકુમાર ભીખુભાઈ ખાંટ | સરળ દસ્તાવેજીકરણ (Advanced Stage) | 15 |
| 8 | રાજેશકુમાર બરોચિયા | અધ્યાપનકાર્ય રસપ્રદ બનાવવા બાળકોની સામેલગીરી | 17 |
| 9 | દક્ષાબેન દવે | પ્રચારના માધ્યમ દ્વારા શાળામાં સંખ્યાત્મક અભિવૃદ્ધિ | 19 |
| 10 | સોનલબેન ખેબર | વાર્તાનો ખજાનો | 20 |
| 11 | નિશાબેન હિરજી સંતોકી | ભીત ચિત્ર પેઇન્ટિંગ | 22 |
| 12 | દેવાંગીબેન બારૈયા | તનથી ઘરે પણ મનથી શાળાએ | 24 |
| 13 | રમેશચંદ્ર શિવલાલ ધમસાણીયા<br>યોગેશકુમાર હેમતલાલ ભેંસદડિયા | લોકડાઉનનો સદઉપયોગ (ગણિત વિજ્ઞાન શૈક્ષણિક સાપસીડી નિર્માણ ) | 27 |
| 14 | પંકેશકુમાર કપુરિયા | પ્રેક્ટિસ બુક | 30 |
| 15 | રાજેન્દ્રસિંહ ઝાલા | નવજીવન સમાચાર ( ત્રિમાસિક અંક ) | 32 |

દિપ્તી દિપેશ નથવાણી
શ્રી કન્યાવિદ્યાલય - 1 , સિક્કા
તાલુકો , જિલ્લો : જામનગર
મો.નં. 9328106656



# LIVE S.S. FAIR 2.0 (એક અનોખો સામાજિકવિજ્ઞાન મેળો)

સામાજિકવિજ્ઞાન વિષય અંગે પોતાની you tube channel દ્વારા પોતે બનાવેલ વિડિઓ દ્વારા આધુનિક ઢબે શિક્ષણ આપવા માટે સાત વર્ષથી સામાજિક વિજ્ઞાન વિષયમાં માસ્ટર ટ્રેનર અને તજજ્ઞ તરીકે સેવા આપતા એવા દિપ્તીબેન નથવાણી દ્વારા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.


કોરોનાકાળ દરમિયાન સામાજિકવિજ્ઞાન વિષયને વિડિઓ દ્વારા રસપ્રદ બનાવી દરેક એકમના વિડિઓ પોતાની you tube channel SS WORLD BY DIPTI પર મૂકે અને વિદ્યાર્થીઓને online જકડી રાખીને વિષયને વધુ જીવંત બનાવવા પ્રયત્ન કરે છે.

lockdown માં વિદ્યાર્થીઓને દરેક એકમનો અભ્યાસ કરાવી ગતવર્ષની જેમ આ વર્ષે પણ સામાજિકવિજ્ઞાન મેળાનું તેમણે આયોજનકર્યું... સમગ્ર જિલ્લામાં હજુ સુધી ક્યારેય ન યોજાયો હોય એવો live સામાજિ વિજ્ઞાન મેળો યોજ્યો.

સમગ્ર પ્રક્રિયા microsoft teams ના માધ્યમથી કરી અને જિલ્લા અને રાજ્યમાં પ્રથમ વખત એવો અનોખો online live social science fair યોજાયો. જો onilne ભણાવી શકાય તો online સામાજિકવિજ્ઞાન મેળો કેમ ન કરી શકાય? ...આ વિચાર સાથેજ તેમણે વિદ્યાર્થીઓ સાથે નવા ઉત્સાહ સાથે LIVE S.S.FAIR 2.0 નું આયોજન કર્યું .

વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહીને જાતે જ એકમને લગતા મોડેલ્સ અને ચાર્ટ્સ બનાવ્યા અને પોતેજ પોતાની કૃતિને લગતું પ્રેઝન્ટેશન રજૂ કર્યું. microsoft teams ની link માં CRC, BRC તેમજ DPEO શ્રી પણ જોડાયા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને શુભેચ્છાઓ સાથે ખૂબજ હકારાત્મક અને પ્રેરણાત્મક પ્રતિભાવો આપ્યા હતા.


# તસવીરી ઝલક




B N Dave
JAYSHREE BHIKHU P...
BRC JAMNAGAR JAMNA...
KISNA RAJESH GOSW...
KHATIJA ADAM KUNG...
ASHIYABANU IQBALB...
B N Dave
2410070881514200...
2410070881513200...
ASHIYABANU IQBALB...
KISNA RAJESH GOSW...
241007088151420021
SUHANA SULEMAN B...
RIDDHI ASHVINPURI ...









દિપક લાલજીભાઈ ધારવિયા
ખિજડિયા પ્રાથમિક શાળા
તા.જી : જામનગર– 361120
મો.નં. - 9898296367
dipak_lalji@yahoo.com



# હર શામ કલામ કે નામ

જામનગર જિલ્લાના જામનગર તાલુકામાં ખીજડિયા ગામમાં આવેલ ખીજડિયા પ્રાથમિક શાળામાં કામ કરતા એક ઉત્સાહી શિક્ષકની વાત આજ કરવી છે. વર્ષ 2011 ના સપ્ટેમ્બર માસની 5 તારીખે આ શાળામાં નિમણુક થયેલ દિપકભાઇ એક વિજ્ઞાન શિક્ષક હોય બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તેવું સ્પષ્ટ માને છે. તેણે શાળામાં સતત પ્રયત્નશીલ રહીને 'ડૉ.અબ્દુલ કલામ સાયન્સ લેબ' શરુ કરી. એથી પણ આગળ બાળકો માટે વિશેષ કઈક કરવા માટે વિચાર્યુ અને વર્ષ 2017 માં પોતાના મિત્ર ભગવાનજીભાઈ કટેશિયા સાથે મળી તેમના મિત્રના ઘરે જ 'ડૉ.અબ્દુલ કલામ સાયન્સ સેન્ટર'ની શરૂઆત કરી.

દિપકભાઈ અને તેમના મિત્ર દ્વારા 'મિશન કલામશોધ' અંતર્ગત વિજ્ઞાન અને ગણિતની જુદી જુદી પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. હાલના આ કોરોના મહામારીના કપરા સમયમાં જ્યારે ઓનલાઇન ક્લાસ લેવાના થયા ત્યારે એક સમસ્યા અનુભવાય. ખુબ જ ઓછા બાળકો ક્લાસમાં જોડાતા અને જેમની પાસે સુવિધા હતી તે પણ જોડાતા નહિ. અને પ્રાયોગિક કાર્ય પ્રત્યે ઉદાસીન જણાયા તો આવુ શા માટે? તેમાં પણ ગણિત અને વિજ્ઞાન જેવા વિષયમાં બાળકો નબળા રહી જાય તો કેમ ચાલે? બાળકોને ઘરે રહી પ્રેક્ટીકલ કામ કરે તે માટે શુ કરવું?

દિપકભાઈએ જોયુ કે બાળકો ભણવાનું છે એવું વિચારી અને લેશન કરવાનું એટલે જોડાતા ન હતા તો તેણે બાળકોને એવું કહ્યુ કે આપણે ભણવાનુ નથી બસ માત્ર પ્રયોગ જોવાના અને તમારે ઘરે પ્રયતન્ન કરવાનો બીજું કોઈ ગ્રુહકાર્ય નહી. તો બાળકોને તેમાં રસ પડ્યો. તેઓ  બાળકો સાથે રોજ સાંજે 8 થી 9 zoom cloud એપના માધ્યમથી મુલાકાત કરતા અને રોજ એક પ્રયોગ (ઘરમાંથી જ મળી રહે તેવી વસ્તુ આધારીત), એક ગણિતનો મુદો અને વાર્તા  રજુ કરતા અને તેમાં બાળકો ધીમે ધીમે રસ પુર્વક જોડાતા થયા. તેણે આ કાર્યક્રમનું નામ "હર શામ કલામ કે નામ" એવું આપ્યુ. આશ્ચર્યની વાત તો એ છે કે આ કાર્યક્રમમાં માત્ર તેમની શાળાના બાળકો જ નહી પરંતુ આજુબાજુની શાળા,ગામ,તાલુકા અને અન્ય જિલ્લાના બાળકો અને શિક્ષક મિત્રો પણ જોડાયા.

કાર્ય પધ્ધ્તિ :-

લોકડાઉનના સમયથી શરુ કરી 125 દિવસ સળંગ રોજ સાંજે ૮ થી ૯ zoom cloud એપના માધ્યમથી ઓનલાઇન મીટીગ ગોઠવવામાં આવે છે જેમાં જુદી જુદી શાળા,ગામ,તાલુકા અને જિલ્લાના બાળકો અને શિક્ષકો જોડાય છે. સૌ પ્રથમ દિપકભાઈના મિત્ર ભગવાનજીભાઈ દ્વારા સુંદર બોધકથા કેહવામાં આવે છે. ત્યારબાદ

દિપકભાઈ વિજ્ઞાનનો પ્રયોગ રજુ કરે છે અને તે પ્રયોગ એવો હોય છે કે જે બાળકો હાથવગા સાધનોમાંથી સરળતાથી બનાવી શકે.

આ ઉપરાંત નર્મદા જિલ્લામાંથી જોડાતા શિક્ષક દયાળજીભાઈ જાદવ દ્વારા સામાજિક વિજ્ઞાન વિષયનો મુદો સમજાવવામાં આવે છે. દેવભુમી દ્વારકા જિલ્લામાંથી જોડાતા શિક્ષક ખીમાભાઈ કણજારીયા પણ ગણિતનો કોઈ મુદો બાળકોને સમજાવતા,


બાળકોને પોતાની વાત રજુ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવતું. સૌથી અગત્યની વાત એ છે કે આ કાર્યક્રમમાં ધોરણ 1 થી 10 સુધીના બાળકો જોડાતા અને દરેકને ઉપયોગી એવી વાત રજુ થતી. નાના બાળકો પણ બાળગીત રજુ કરતા. ધોરણ ૬ થી 10 ના બાળકો નિયમિત પ્રયોગ કરતા.

ઉપરોક્ત પ્રવૃત્તિ બાદ જે દિવસે પ્રયોગ બતાવવામા આવે છે તે જ દિવસે બાળકોને તેનો વિડિયો મોકલવામાં આવે છે અને તેમાંથી 65 થી 70 ટકા બાળકો તે પ્રયોગ કરી દિપકભાઈને ફરી પોતાના વિડિયો મોકલે છે. એ રીતે જે બાળકો શરૂઆતમાં ક્લાસમાં જોડાતા ન હતા તેમાં ઘટાડો થયો અને બાળકો ઉત્સાહપુર્વક જોડાતા થયા.

<u>મુલ્યાંકન</u>

માત્ર આનંદ માટે જ પ્રવૃતિઓ કરવામાં આવે છે એવું નથી બાળકો જે પ્રાયોગિક કાર્યો કરે છે તેના પાછળનો વૈજ્ઞાનિક અભિગમ શુ છે તે જાણે એ પણ જરુરી છે તેથી બાળકો દ્વારા કરેલ પ્રયોગ બીજે દિવસે કાર્યક્રમમા તે બાળકને જાતે રજુ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને તેની સાથે ગૃપના અન્ય બાળકો પણ ચર્ચામાં જોડાય છે.

<u>પરીણામ</u>





આ પ્રવૃતિથી દિપકભાઈને ઘરે ઘરે બાળ કલામ મળ્યા કે જેણે વેસ્ટમાંથી બેસ્ટ પ્રયોગોનું નિર્માણ કરેલ છે. 125 દિવસની તેમની આ સફરમાં તેમને 125 જેટલા પ્રયોગો મળ્યા, બાળકો મોટાભાગના ગણિત મુદા શિખ્યા, દરરોજ વાર્તા સાંભળતા અને વાર્તા રજુ કરતા થયા. અને આની સાથે સાથે પોતાના રેગ્યુલર ક્લાસમાં પણ રસ લેતા થયા એવું જણાયું. અને તેમની આ સફર ખુબ જ સફળ રહી. અંતે તેમણે આ કાર્યક્રમનું ભવ્ય સમાપન રાખ્યું અને એક રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું આયોજન કર્યું. જેમાં ભારતના જાણીતા વૈજ્ઞાનિકોની હાજરીમાં બાળકોને સન્માનિત કર્યા. આમ ખુબ જ સફળતા મળી.

મર્યાદા :-

ક્યારેક ક્યારેક નેટના પ્રોબ્લેમ થતા અને બાળકો જોડાઈ ન શક્તા.

## <u>તસ્વીરી ઝલક</u>















મનીષાબેન રસિક્લાલ ચંડીભમર
શ્રી કન્યા વિધ્યાલય-1, સિક્કા,
તા.જી.જામનગર
મોબાઇલ નંબર -:7567630303



## EASY ENGLISH ACTIVITY

હાલની વૈશ્વિક સ્થિતી જોતાં એવું જણાય આવે છે કે, સમગ્ર વિશ્વનો વ્યાપ સમય જતાં નાનો થતો જાય છે. વિશ્વ બજાર એક મોટા ફલક પર વિકસિત થયેલ છે. ત્યારે આંતરરાષ્ટ્રીય સંદેશા વ્યવહારનું મહત્વ પણ ઓછું આંકી શકાય નહીં. હાલના સમયમાં સંદેશાવ્યવહાર માટે અંગ્રેજી ભાષા આંતરરાષ્ટ્રીય સ્તરે સર્વ સ્વીકૃત હોય અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે અને વિદ્યાર્થીઓની રુચિ અંગ્રેજી ભાષા શીખવા માટે જળવાય રહે તે ખૂબ જરૂરી અને અનિવાર્ય છે.

2010 માં જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ 6 થી 8 માં અંગ્રેજી વિષયના વિષય શિક્ષક તરીકે મનીષાબેન રસીકલાલ ચંડીભમરએ કારકિર્દીની શરૂઆત કરેલ હતી .

વર્ષ 2017 માં જામનગર જિલ્લાના દરિયા કિનારે વસેલા સિક્કા ગામમાં આવેલ કન્યા વિદ્યાલય -1 માં બદલીથી ફરજ પર હાજર થયા હતા. અહી વિદ્યાર્થિઓ અંગ્રેજી વિષય શીખવો સહેલો નથી તેવી માનસિકતાના લીધે અંગ્રેજી ભાષા પ્રત્યે અરુચિ ધરાવતા હતા આવા સમયે .વિદ્યાર્થિને સહેલાઇથી અંગ્રેજી કેમ શીખવવું ? એ પ્રશ્ન ઉદભવતા EASY ENGLISH ACTIVITY નો વિચાર આવ્યોઅને એ વિષય પર કામગીરીની શરૂઆત કરી . અને એ અંગેની વિસ્તૃત માહિતી વર્ષ2019-20 ના EDUCATIONAL INNOVATION FESTIVALમાં રજૂ કરેલ હતી.

આ એક્ટિવિટીથી વિદ્યાર્થિઓને પ્રેક્ટિકલ અભ્યાસ કરાવતા હતા ત્યાંજ કોરોનાની વૈશ્વિક મહામારીએ સમગ્ર વિશ્વને ભરડો લીધો જેના પરિણામે આપણો ભારત દેશ પણ બાકાત રહી શક્યો નહીં. માર્ચ 2020 થી આજદિન સુધી શાળા કોલેજો બંધ રહેલ છે. આવા સમયે પ્રાથમિક શાળાના કુણી માનસિકતા ધરાવતા નિર્દોષ બાળકો અભ્યાસથી વિમુખ ન બને તે ખૂબ જ જરૂરી હતું. જેને અનુલક્ષીને જ EASY ENGLISH ACTIVITYને online પણ ચાલુ રાખી બાળકોના અંગ્રેજી ભાષા પ્રત્યેની આવડત અભ્યાસમાં વધારો/કરવામાં સફળતા મેળવેલ છે.






કલ્પેશભાઇ એલ.ચોટલીયા

Mo.93 282 93 154

kalpeshchotalia9@gmail.com

શ્રી નાગપુર પ્રાથમિક શાળા,

તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર



# ગમે ત્યાં, ગમે ત્યારે, પોતાની અનુકૂળતાએ જ.ન.વિ. ધોરણ : 6 પ્રવેશ પરીક્ષાની ઓનલાઇન તૈયારી

કાલાવડ તાલુકાની નાગપુર પ્રાથમિક શાળાના ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષક શ્રી ચોટલીયા કલ્પેશભાઇ દ્વારા પ્રાથમિક શિક્ષણમાં ભાષા અને ગણિતને સંબંધીત આઈ.સી.ટી.ના ઉપયોગ દ્વારા ઘણું બધું કાર્ય કરેલ છે.

કોરોના રોગના કારણે લોકડાઉનમાં તેમના દ્વારા જવાહર નવોદય વિદ્યાલય ધોરણ : 6 પ્રવેશ પરીક્ષાની ઓનલાઇન તૈયારી માટેની વોટ્સએપ ગૃપની લીંક પ્રાપ્ત થઈ. તેમના વોટ્સએપ ગૃપમાં જોડાવાથી જાણવા મળ્યું કે તેઓ હાલ જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષામાં પુછાતા ગુજરાતી ફકરાઓની દરરોજ ઓનલાઇન ક્વિઝ અને તેની સમજુતીનો વીડિયો લીંક મુકે છે. આ ઉપરાંત તેઓ સમયાંતરે ગણિત અને આકૃતિઓની પણ ઓનલાઇન ક્વિઝ અને તેની સમજુતીનો વીડિયો લીંક પણ મુકતા રહે છે.

આ માટે કલ્પેશભાઇ સાથે ચર્ચા કરી તો જાણવા મળ્યું કે તેઓ જે ક્વિઝ બનાવે છે તે ગુગલ ફોર્મમાં બનાવે છે. જેથી દરેક વિદ્યાર્થીના પરીણામનું વિશ્લેષણ થઈ શકે છે. આ ઉપરાંત તેમના દ્વારા એ પણ જાણવા મળ્યું કે જે ક્વિઝ બનાવી હોય તેની સમજુતી માટેના એનિમેશન સાથેનો વીડિયો પણ બનાવે છે. આ ક્વિઝ અને વીડિયોથી કોઈપણ શાળાના વિદ્યાર્થીઓ પોતાના સમયે અને પોતાની અનુકૂળતાએ અભ્યાસ કરી શકે છે.

કલ્પેશભાઇ સાથેની વધુ વાતચીત દ્વારા જાણવા મળ્યું કે જે વિદ્યાર્થીઓએ દરરોજ ઓનલાઇન ક્વિઝ આપે છે અને વીડિયો નિહાળે છે તેવા વિદ્યાર્થીઓના પરીણામમાં સતત સારો એવો સુધારો થાય છે.

Online Quiz Link :

https://sarvatragnanm.blogspot.com/p/blog-page_17.html

YouTube Video Link : (Gujarati Paragraph)

https://www.youtube.com/watch?v=3ev-Mwz6LHg&list=PLs47U_tivA5Qhjb0WBZWelZBqdKGqgeti

YouTube Video Link : (Aakruti)

https://www.youtube.com/watch?v=To-tyD-hYU0&list=PLs47U_tivA5SjayDIIRfK9uzVR-wUMxko

YouTube Video Link : (Maths)

https://www.youtube.com/watch?v=URl1C19kMY4&list=PLs47U_tivA5Q_rHxRr8VVI-Le3PMV--V7

## ❋પરીણામો (આંકડાકીય અને વિસ્તૃત વર્ણન)❋

નીચેની આંકડાકીય માહિતી તારીખ : 22/09/2020 થી તારીખ : 10/11/2020 સુધીના છે. એટલે કે કુલ 50 દિવસની માહિતી પ્રસ્તુત છે.


(1) જેમાં દરરોજ સરેરાશ 126 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે.

(2) જેમાં દરરોજ દરેક વિદ્યાર્થીઓએ 5 માંથી 3.54 સરેરાશ ગુણ મેળવેલા છે.


(3) આ ઓનલાઇન પરીક્ષાને આધારે જાણવા મળેલ છે કે જે વિદ્યાર્થીઓએ દરરોજ પરીક્ષા આપી હોય અને તેની સમજુતીના વીડિયો નિહાળેલ હોય તેવા વિદ્યાર્થીઓના ગુણમાં વધારો થતો જણાયેલ છે.

(4) વિદ્યાર્થીઓએ ગુગલ ફોર્મ દ્વારા ઓનલાઇન પરીક્ષા આપી છે તેના આધારે આ પરીણામ તૈયાર કરેલ છે.

### ક્વિઝ નંબર અને કેટલા વિદ્યાર્થીઓએ ક્વિઝ આપી તેનો આલેખ




### ક્વિઝ નંબર અને તેમાં વિદ્યાર્થીઓએ મેળવેલ સરેરાશ ગુણનો આલેખ



## ❋ગુગલ ફોર્મ દ્વારાપ્રાપ્ત થયેલ અભિપ્રાયનો વર્તુળ આલેખ❋


ગુગલ ફોર્મમાં 82 વિદ્યાર્થીઓએ અભિપ્રાય આપ્યો હતો. અન્ય અભિપ્રાયો આવવાનું શરૂ છે.


1. શું ઓનલાઇન ક્વિઝના જવાબ આપવાથી તમારા પરીણામમાં વધારો થયો છે?

   - 97.6 % વિદ્યાર્થીઓએ જવાબ હા આપ્યો છે.
   - 2.4 % વિદ્યાર્થીઓએ જવાબ ના આપ્યો છે.

2. શું ઓનલાઇન ક્વિઝની સમજુતી માટેના વીડિયો જોવાથી તમારા પરીણામમાં વધારો થયો છે?

   - 93.9 % વિદ્યાર્થીઓએ જવાબ હા આપ્યો છે.
   - 6.1 % વિદ્યાર્થીઓએ જવાબ ના આપ્યો છે.



એરંડીયા રસુલ જમાલભાઇ

મો .નં. 9712414040 :

rasul_ad@yahoo.com

શ્રી દાવલી પ્રાથમિક શાળા

તાલુકો :કાલાવડ, જિલ્લો: જામનગર



# કોરોનાની મહામારી વચ્ચે શિક્ષણ,પ્રશિક્ષણ અને પ્રોત્સાહન

*આ નવતરની સંપૂર્ણ માહિતી લિંક સાથે*

- <u>શિક્ષણ,પ્રશિક્ષણ:</u>

કોરોનાની આ મહામારીના સમયમાં લોકડાઉનના સમયગાળામાં જ્યારે વિદ્યાર્થીઓ શિક્ષણથી વિમુખ થતાં જણાય છે, ત્યારે ZOOM એપ્લીકેશનનાં ઉપયોગથી Free for All – એક ઓપન સોર્સ તરીકે એક મહિના સુધી અંગ્રેજીના વિવિધ ટોપિક જેમકે ,Basic English, Types of Sentences, Articles… નું અધ્યાપનકાર્ય કરેલું, જેમાં જામનગર, રાજકોટ, અમરેલી, દાહોદ જેવાં વિવિધ જિલ્લાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયા .જેનાં સ્ક્રીનશોટ્સ અને જોડાયેલા શિક્ષકોના રીવ્યુ નીચે આપેલ લીંકમાં છે .

| | |
|---|---|
| ZOOM પરજોડાયેલાસભ્યોઅનેતેમનાઅભિપ્રાયો | https://bit.ly/384jVYU |

આ ઉપરાંત લોકડાઉન લાંબુ ચાલશે એ જાણ થતાની સાથે જ YouTube પર શિક્ષકો અને ઉચ્ચ અભ્યાસુ વિદ્યાર્થીઓ માટે Language Digital Class ચેનલ પરના વિડિયો વધુમાં વધુ લોકો સુધી પહોંચતા કર્યા, કે જેમાં લગભગ 2300 થી વધુ Subscribers છે, જેમાં અમુક વિડિયોમાં 8500 જેટલા Viewers છે, જે અવિરત વધ્યા કરે છે. જેના વિડિયોની અનેરી વ્યુની લીંક નીચે આપેલ છે.

| | |
|---|---|
| Pronoun વિડિયો, 10000+ views | https://bit.ly/2Mrqg8l |
| Wh- Question વિડિયો 10000+ views | https://bit.ly/2KVIaQ8 |
| YouTube viewer અભિપ્રાયો | https://bit.ly/38W0CQV |

તેમજ પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ માટે Only English Digital Class કે જેમાં માત્ર એકજ વાક્ય રચના યાદ રાખવાથી 12-10 વાક્યોનું ચિત્રવર્ણન ખૂબજ સરળતાથી કરી શકાય છે .જેના માત્ર 3 દિવસમાં 500 થી વધુ Viewers છે .આ ઉપરાંત અંગ્રેજીમાં સમય કેવી- રીતે કહેવો? તે અંગેની સચિત્ર સરળ સમજૂતી છે .જે વિડિયોની લીંક નીચે આપેલી છે .આમ, શિક્ષકો માટે પ્રશિક્ષણ અને વિદ્યાર્થીઓ માટે શિક્ષણની ઉત્તમ તક પુરી પાડવાનો સફળ પ્રયાસ કરેલ છે .તેમજ Google Form માં ધોરણ 6 અને 7 માટે ટેસ્ટ તૈયાર કરી જેમાં

જામનગર, રાજકોટ, અમરેલી, ગાંધીનગર, મહેસાણા જેવાં જિલ્લાઓમાંથી કુલ 500 થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા. જેના ટેસ્ટપેપર અને Responses નીચે લીંકમાં આપેલ છે.

| | |
|---|---|
| Picture Description વિડિયો | https://bit.ly/3b41xRO |
| Preposition વિડિયો | https://bit.ly/3n94x1O |
| English Test | https://bit.ly/38PEHKV |
| English Test Response | https://bit.ly/3rUPXi2 |
| સામાજિકવિજ્ઞાનટેસ્ટ | https://bit.ly/2Jzcr6H |
| સામા.વિજ્ઞાનટેસ્ટResponse | https://bit.ly/3rEOg8h |

❖ પ્રોત્સાહન:

ઘેર-ઘેર વિદ્યાર્થીની મુલાકાત લેવી, પુસ્તિકાઓ પહોંચાડવી આતો દરેક કર્મઠ શિક્ષક દ્વારા થતાં પ્રયાસો છે. છતાં વિદ્યાર્થીઓમાં જરૂરી એટલી ગંભીરતા જોવા ન મળી એ એક ચિંતાનો વિષય બનતાં મેં "Student of the Month" એવું એક પ્રમાણપત્ર આપવાનું શરૂ કર્યું કે જેમાં જે વિદ્યાર્થી નિયમિત રીતે ડીડીગિરનાર પર GCERT દ્વારા પ્રસારિત પ્રોગ્રામ જોવે અને તેની નોંધ શાળાના WhatsApp ગ્રુપમાં મુકે તેમજ જુન મહિનાથી જ નિયમિત ચાલતા Microsoft Teams માં જોડાય, અને Google Form માં મારા દ્વારા લેવામાં આવતી ટેસ્ટ નિયમિત આપે તેમને આ પ્રમાણપત્ર મળે .આ પ્રમાણપત્ર એ તો ધાર્યા કરતા વધુ સફળતા આપી વધુને વધુ વિદ્યાર્થીઓ સક્રિય થવા લાગ્યા .પછી તો આ સફળ પ્રયોગ વિશે અન્ય શિક્ષકો/સી.આર.સી.ને પણ જાણ કરી અને આ પ્રયોગ કરવા સુચવ્યું.

| | |
|---|---|
| Student of the Month Certificate | https://cutt.ly/fjpZNED |

# તસવીરી ઝલક



## કાલાવડના દાવલી પ્રા.શાળાના શિક્ષકનું અનેરું કાર્ય

# છાત્રોમાં અભ્યાસનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે સ્ટુડન્ટ ઓફ ધી મન્થ થી નવાજે છે

રાજકોટ તા,૧૪

શાળા બંધ છે, શિક્ષણ નહીં, આ ઉક્તિને યથાર્થ સાબીત કરતા કાલાવડ તાલુકાના દાવલી પ્રાથમિક શાળાના શિક્ષક રસુલભાઈ જમાલભાઈ એરંડીયા આ મહામારીના સમયમાં સંક્રમણને ટાળવા ઓછામાં ઓછી રૂબરૂ મુલાકાતથી વધુમાં વધુ વિદ્યાર્થી સંપર્ક કઈ રીતે થઈ શકે? તેના સફળ પ્રયત્નો કરી અપેક્ષિત પરીણામ લાવી રહ્યા છે. પોતાના વિદ્યાર્થીઓ GCERT દ્વારા ડીડી ગિરનાર ચેનલ પર પ્રસારીત કાર્યક્રમો નિયમિત જોવે અને તે અંગે શાળાના સોશિયલ મીડીયા ગ્રુપમાં પ્રતિભાો આપે એ સુનિશ્ચિત કરે છે. GOOGLE ફોર્મ દ્વારા ઓનલાઈન ટેસ્ટનું આયોજન કરે છે. માઈક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા વિદ્યાર્થીઓને સતત શૈક્ષણિક માર્ગદર્શન પુરુ પાડે છે. વિદ્યાર્થીઓનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે દર મહિને સ્ટુડન્ટ ઓફ ધ મન્થનું પ્રમાણપત્ર એક વિદ્યાર્થીને એનાયત કરે છે.બે ફ્રી યુટ્યુબ ચેનલ (Language Digital Class, Only English Digital Class) દ્વારા ૨૫૦૦થી વધુ અંગ્રેજી શીખનારને સીધો લાભ આપે છે.આ ઉપરાંત અન્યને પણ પોતાના અંગ્રેજી વિષયના જ્ઞાનનો લાભ મળે તે હેતુથી ઝુમ એપ પર ઓપન સોર્સ તરીકે ફ્રી પણ વર્ગો ચલાવ્યા છે જેમાં ગુજરાતના ખુણે ખુણેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયેલ છે.આ ઉપરાંત રાજયકક્ષાએથી નિર્મિત અંગ્રેજી વિષયની સ્વાધ્યાયપોથી નિર્માણમાં પણ પોતાનું યોગદાન આપી રહ્યા છે તેમજ આ કામગીરી બદલ સી.આર.સી. કક્ષાએથી પ્રમાણપત્ર પણ મળેલ છે.

પ્રેસ દ્વારા લોકડાઉન કાર્યને બિરદાવાયું




સી.આર.સી .દ્વારા લોકાડાઉન કાર્યને બિરદાવાયું.

મિનલબેન મહેન્દ્રભાઇ વંકાણી
શ્રી આણંદપર કન્યા શાળા
તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર
મો.નં7567765638-



# ઓનલાઈન પ્રવૃતિ દ્વારા વિજ્ઞાનના રહસ્યો સમજીએ


જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાથી 20 કિમી દૂર અને જામનગર જીલ્લાનું અંતિમ છેવાડાનું ગામ આણંદપર આવલું  છે. આ ગામમાં શ્રી આણંદપર કન્યાશાળામાં ગણિત-વિજ્ઞાન શિક્ષક તરીકે મિનલબેન એમ. વંકાણી વર્ષ 2011 થી ફરજ બજાવી રહ્યાં છે.

હાલની કોવિડ19-ની પરિસ્થિતિમાં શાળા બંધ છે આવા સમયે વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.  ઓનલાઈન શિક્ષણને કારણે બાળકો ભણવામાં રસ ગુમાવી રહ્યાં હતાં. સતત મોબાઈલ સામે બેસીને કંટાળો અનુભવી રહ્યાં હતા. પ્રવૃતિલક્ષી શિક્ષણનો અભાવ હતો. પરિણામે બાળકો આખો દિવસ નિષ્ક્રિય બેસી રહેતાં હતા. ઈન્ટરનેટનો ગેર ઉપયોગ કરતાં હતા. વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયના પ્રયોગોથી અલિપ્ત થઈ રહ્યાં હતા. વિજ્ઞાન વિષય સમજલક્ષી  અને જ્ઞાનલક્ષી બને તે જરૂરી હતું.

આ બાબતના ઉકેલ માટે તેમણે નવતર પ્રયોગ કરવાનું વિચાર્યું. ધોરણ 6 થી 8 માં ગૂગલમીટ પર એક વેબીનારનું  આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોને પોતાને મનગમતા વિજ્ઞાનના પ્રયોગો રજુ કરવા કહેવામાં આવ્યું. જેમાં બાળકને યુટ્યુબ પરથી પ્રયોગ શોધી રજુ કરવાની છુટ આપવામાં આવી. બાળકોએ પોતાના પ્રયોગ રજુ કર્યા. જેમા બાળકોને તેમના પ્રયોગને લગતા વૈજ્ઞાનીક રહસ્યો પુછવામાં આવ્યા. પરંતુ તેમના પ્રયોગોના રહસ્યો જાણતાં ન હતાં.તેમના પ્રયોગો પાછળનું વૈજ્ઞાનિક કારણ મિનલબેન દ્વારા સમજાવવામાં આવ્યું. ઘણા વિદ્યાર્થી એવા હતા કે જેમના વાલી દિવસના સમયે મોબાઇલ કામ પર સાથે લઇ જતા હતા.તેથી તેવા બાળકોને તેમના પ્રયોગો રેકોર્ડ કરી વોટ્સએપ કરવા કહેવામા આવ્યું. જેથી બાળકના વાલી ઘરે હોય ત્યારે તેઓ પોતાના પ્રયોગનુ રેકોર્ડિંગ કરી શકે. બાળકના પ્રયોગનુ તેમના દ્વારા ફરીથી વૈજ્ઞાનીક સમજુતી સાથે રેકોડીંગ કરી વોટ્સએપના સાયન્સગ્રુપમા મોકલવામાં આવે છે. બાળકો માટે ધોરણ 6 થી 8 માટેનું એક સાયન્સ ગ્રુપ પણ તેમના દ્વારા બનાવવામાં આવેલ છે.આ ઉપરાંત બાળક દ્વારા રેકોર્ડિંગ કરી મોકલાયેલ પ્રયોગને વોટ્સએપના સાયન્સ ગ્રુપમા મોકલવામાં આવે છે. જેથી બીજા બાળકોને આ પ્રયોગ કરવા પ્રેરણા મળે તેમજ તેમને કહેવામાં આવ્યુ અને તેમના પ્રયોગ રેકોર્ડ કરી તેમને મોકલવા કહેવામા આવ્યું. શ્રેષ્ઠ પ્રયોગ કરનાર બાળકને નંબર આપી તેમના દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આ પ્રવુતિથી નીચે મુજબના સારા પરીણામો પ્રાપ્ત થયા છે. કોવિડ19 ની પરિસ્થિતિમા બાળક પ્રવુત્તિશીલ રહે છેપોતાનો વિડિયો ઉતારવાનો. હોવાથી અને તે બીજા બધા વિદ્યાર્થીઓ સમક્ષ વોટ્સએપ ગ્રુપમાં રજુ થવાનો હોવાથી વિદ્યાર્થી ઉત્સાહ્ભેર આ પ્રવુત્તિમાં ભાગ લે છે. હવે ઈન્ટરનેટનો ઉપયોગ બાળક પોતાના મનગમતા વિજ્ઞાન પ્રયોગ શોધવા કરે છે. આમ બાળક ઈન્ટરનેટનો ગેર ઉપયોગ કરતાં અટકે છે. પ્રયોગ કરવાને કારણે બાળકોની અવલોકનશક્તિ , સર્જનશક્તિ અને કાર્યપદ્ધતિ વર્ણવવાનો ગુણ વિકસ્યો. હાલમાં આ પધ્ધતિથી શિક્ષણકાર્ય ચાલુ છે.  વિદ્યાર્થીઓ ઉત્સાહથી પોતાના પ્રયોગ રેકોર્ડિંગ કરી પ્રયોગકાર્યનું નિદર્શન કરે છે.

## તસવીરી ઝલક








ખાંટ જયેશકુમાર ભીખુભાઈ

મો. નં.9081420274 - 9979308737 :

jayeshkhant2489@gmail.com

સતાપર નવાપરા વાડી પ્રા શાળા.

તા.જામજોધપુર , જિ.જામનગર ,પિનકોડ -360531



# સરળ દસ્તાવેજીકરણ ( Advanced Stage )

કોઈપણ ક્ષેત્રમાં હરહંમેશ ઓલરાઉન્ડરની બોલબાલા હોય છે. શાળા અને શિક્ષકનું કામ બાળકોને અક્ષરજ્ઞાન આપવાની સાથે બાળકોનો સર્વાંગી વિકાસ કરવાનું છે. ફક્ત સાક્ષરી વિષયનું જ્ઞાન પર્યાપ્ત નથી. શાળામાં વર્ષભર વિવિધ કાર્યક્રમ, ઉત્સવ અને પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવે છે.આ તમામ કાર્યક્રમોની યોગ્ય પ્રકારે નિભાવણી થાઈ તે ઇચ્છનીય છે. પ્રવર્તમાન સમયમાં મહત્તમ સરકારી શાળાઓમાં સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ તેની ઉજવણી કરવામાં આવે છે, પરંતુ યોગ્ય પ્રારૂપમાં Documentation કરવામાં આવતું નથી.

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાની આલેચ ગિરીકંદરાઓ વચ્ચે સુંદર વનરાજીથી ઘેરાયેલ સતાપર ગામથી થોડે દૂર આવેલી સતાપર નવાપરા વાડી પ્રાથમિક શાળા એ ઉપયોગી Documentation માટેનો નવતર પ્રયોગ અમલીબનાવેલ છે. આ નવતર પ્રયોગ એટલે "સરળ દસ્તાવેજીકરણ "

શાળાની સમયાંતરની મુલાકાત દરમ્યાન જાણવા મળ્યું કે અહીં કાર્યને સરળ બનાવા માટે કાર્યની વહેંચણી કરવામાં આવે છેશાળા કક્ષાએ સાલેય વ .ર્ષ દરમ્યાન યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમ, ઉત્સવ અને પ્રોજેક્ટના દસ્તાવેજીકરણની જવાબદારી શાળાના શિક્ષક જયેશભાઈ ખાંટ સંભાળે છે. તેઓ સતાપર નવાપરા શાળામાં વર્ષ 2015 માં નિમણૂક પામ્યા. તેઓ પ્રજ્ઞા શિક્ષક હોવાની સાથે સાથે શાળા માટે અહેવાલ લેખન, પત્રકો, ગ્રાફ, માહિતી, વગેરેની નિભાવણી કરે છે. તેઓ દસ્તાવેજીકરણ માટેની જાતજાતની પદ્ધતિનોઉપયોગ કરે છે. શાળા અને ઘરે ઉપલબ્ધ આઇસીટી ટૂલ્સ જેવા કે કમ્પ્યૂટર, ઇન્ટરનેટ, પ્રિન્ટર, મોબાઇલને દસ્તાવેજીકરણ સાથે સાંકળે છે, જેથી વર્ગકાર્ય માટેના કિંમતી સમયનો બગાડ ન થાય. શાળામાં દિન પ્રતિદિન થતી પ્રવૃતિઓને પ્રિન્ટ મીડિયા સાથે સાંકળીને પ્રચાર પ્રસાર પણ કરી જાણે છે, જેથી જન સમુદાય શાળાની પ્રવૃતિથી માહિતગાર થઇ શકે.

તેઓ શૈક્ષણિક વર્ષ અને નાણાકીય વર્ષનું જુદા જુદા પ્રકારે દસ્તાવેજીકરણ કરે છે. તેઓ શાળા સમય બાદ ઘરે જઈને કામ કરે છે જેથી વર્ગકાર્યને ખલેલ ન પહોચે. વળી ચિત્રનો દસ્તાવેજીકરણના માધ્યમ તરીકે ઉપયોગ કરે છે તેવું જાણવા મળેલ . તેઓ સારા ચિત્રકાર હોય પ્રસ્તુત દસ્તાવેજીકરણ સરળ, સચોટ અને અસરકારક બન્યું છે. આ નવતર પ્રયોગથી નીચે મુજબના ફાયદા થયાં છે.

- વણ ખેડાયેલા દસ્તાવેજીકરણ ક્ષેત્રમાં વૈવિધ્યસભર માહિતી સુલભ બની.
- આંગળીના ટેરવે ખૂબ ઓછા સમયમાં અહેવાલ લેખન શક્ય બન્યું.
- મહતમ દસ્તાવેજીકરણ કમ્પ્યુટર આધારિત હોવાથી સમય અને શક્તિનો બચાવ થાય છે.
- માહિતીનું આદાન-પ્રદાન શક્ય બન્યુ.
- અન્ય સરકારી શાળાઓ શૂન્ય નિવેશમાં પોતાની શાળામાં અમલીકૃત કરી શકે છે,
- દસ્તાવેજીકરણ થકી હાલની ત્રૂટીઓ જાણી આવનાર સમયનું ક્ષતિ રહીત આયોજન શક્ય બન્યુ.









રાજેશકુમાર જી.બરોચિયા

મો.નં. : 9714071412

ધોરિયાનેશ પ્રાથમિક શાળા

તાલુકો :- જામજોધપુર, જિલ્લો :- જામનગર



# અધ્યાપનકાર્ય રસપ્રદ બનાવવા બાળકોની (પરોક્ષ) સામેલગીરી

જામજોધપુર તાલુકાની ધોરિયાનેશ પ્રાથમિક શાળામાં શ્રી રાજેશકુમાર જી.બરોચિયા છેલ્લા આઠ વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાવે છે. અહીના બાળકો ખૂબ પછાત વિસ્તારમાથી આવે છે.વાલીઓ પણ અભણ છે. અહીના બાળકો બહારની દુનિયાથી અજાણ છે. તેઓની સ્થાનિક ભાષા પણ અલગ પડે છે. હાલની સ્થિતિએ ગામમાં એક પણ ટીવી નથી. કોઈ પાસે સ્માર્ટ ફોન નથી. આવી પરિસ્થિતિમાં રાજેશભાઈ બાળકોને શીખવવા માટે સ્થાનિક પરિસ્થિતી મુજબ અવનવા ઇનોવેશનકાર્ય કરતાં રહે છે. તેઓ આ ઇનોવેશનનો લાભ બીજી શાળાઓ લઈ શકે તે માટે પ્રચાર-પ્રસાર પણ કરતાં રહે છે.

"અધ્યાપનકાર્ય રસપ્રદ બનાવવા બાળકોની સામેલગીરી" આ ઇનોવેશનમાં પોતાના શૈક્ષણિક કાર્ય દરમિયાન કરવામાં આવતા રોજ-બરોજ ના ટી.એલ.એમ.માં શાળાના જ બાળકોના વિવિધ એંગલ વાળા ફોટાનો સુંદર ઉપયોગ કરી શિક્ષણકાર્ય રસપ્રદ બનાવતા રહે છે. અહી આપેલા ફોટામાં બતાવ્યા મુજબ કોમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રિન્ટ કાઢી તેને નોટિશબોર્ડ કે દીવાલ પર લગાવવામાં આવે છે.


તેઓએ આ પ્રયોગનું વર્ણન કરતાં જણાવ્યુ કે ધોરણ 5 ના વર્ગમાં મારા બાળકો કેટલીક માહિતી જેમ કે, રાજ્યના જિલ્લાઓ, જિલ્લાના તાલુકાઓ, ન જોયેલા પ્રાણીઓ- પક્ષીઓ, વાનગીઓ, હિન્દી - અંગ્રેજી -સંસ્કૃતમાં અંકો અને શબ્દો, આકાર - ખૂણા અને તેના પ્રકારો વગેરે માહિતી ભૂલી જાય છે. લગભગ 40 ટકા બાળકો અમુક દિવસો પછી આવી માહિતી ભૂલી જતાં જોવા મળ્યા. આ માટે તેમણે એક પ્રયોગ કર્યો જેમાં બાળકો ના ફોટાઓનો સમાવેશ કરી કોમ્પ્યુટરની મદદથી કેટલાક ટી.એલ.એમ બનાવ્યા. દાખલા તરીકે ગુજરાતના નકશામાં દરેક જિલ્લાઓમાં અલગ-અલગ બાળકોના ફોટા લગાવવા. ભારતના નકશામાં દરેક રાજ્યોમાં બાળકોના ફોટા લગાવવા. બાળકોના ફોટા સાથે કેટલાક એવા ચિત્રો મૂક્યા જેને બાળકો ભૂલી જાય છે અથવા યાદ રાખી શકતા નથી. આજ ચિત્રો ની પ્રિન્ટ કાઢી દિવાલ પર કે નોટિસ બોર્ડ પર બાળકો જોઈ શકે તેમ લગાવ્યા. થોડા થોડા દિવસોના અંતરે નોંધ્યું કે 95 ટકા બાળકો આ માહિતી યાદ રાખી શક્યા આ પ્રકારના ટી.એલ.એમ માં બાળકોના ફોટા બદલતા રહેવાથી પોતાના ફોટા વાળી માહિતી બાળકો યાદ રાખે છે.

તેઓએ આ પ્રયોગના ફાયદા જણાવતા કહ્યું કે અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરવા, અધ્યયન નિષ્પાતિઓને ધ્યાનમાં રાખીને ટી.એલ.એમ. બનાવી શકાઈ છે. વારંવાર ભુલાઈ જતી માહિતી સરળતાથી યાદ રાખી શકાઈ છે. કોઈ પણ વિષયમાં આ પ્રયોગ કરી શકાઈ છે. સુધારા વધારા સરળતાથી કરી શકાઈ છે.શિક્ષક પોતાના વિચારો / આઇડિયા મુજબ આ પ્રયોગ કરી શકે છે. ગોખણપટ્ટી થી છૂટકારો મળે છે. બાળકોને ખુબજ ગમે છે. ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને શિક્ષણ રસપ્રદ બનાવી શકાય છે. કોમ્પ્યુટર નો ઉપયોગ થતો હોવાથી સરળતાથી થઈ શકે. આ પ્રકારના ટી.એલ.એમ. કોઈ પણ ને જડપથી આપી શકાઈ

છે. આદાન પ્રદાન સરળ બને છે. શિક્ષક પોતાના વિચારો પ્રમાણે ફેરફાર કરી શકે છે. કઠિન લાગતાં મુદાઓ સરળ બનાવી શકાઈ છે.

આમ રાજેશ બરોચિયાનો આ પ્રયોગ નવીન છે, જેમાં બાળકો ફોટાના માધ્યમથી સામેલ થતાં હોય શિક્ષણ રસપ્રદ અને અસરકારક બને છે.

## તસવીરી ઝલક

























દવે દક્ષાબેન આર.

તાલુકા શાળા આચાર્યાશ્રી,

મુ. તરસાઇ,તા. જામજોધપુર

જી. જામનગર

મો. ૯૯૭૯૩૦૮૬૭૩



# પ્રચારના માધ્યમ દ્વારા શાળામાં સંખ્યાત્મક અભિવૃદ્ધિ

શિક્ષણ એ સારા ભવિષ્યનુ પ્રથમ સોપાન છે તો બાલ્યાવસ્થાનું પ્રથમ સોપાન શાળા પ્રવેશ છે. બાળક જ્યારે ઘરના આંગણને છોડી શાળાની પગદંડી પર પગરવ માંડે છે, તે દિવસ જીવનનો સૌથી યાદગાર પ્રસંગ બની રહે છે.

બાળકોને શાળાએ આવવુ ગમે, રહેવુ ગમે, ભણતરના ભાર વગર ભણવુ ગમે, પ્રવૃતિમય શિક્ષણ મળે અને તેમનો સર્વાંગી વિકાસ થાય, ખાનગીકરણ ઓછુ થાય અને સરકારી શાળામાં વધુને વધુ નામાંકન થાય તે હેતુ તાલુકાશાળા તરસાઇના આચાર્ય દવે દક્ષાબેન દ્વારા પ્રચારના માધ્યમથી પ્રયત્નો કરવામાં આવેલ છે તે સરાહનીય છે.

તેમના દ્વારા સતત વાલી મીટીંગો અને વાલી સંપર્ક દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓના ફાયદાઓ સમજાવવામાં આવે છે. તે ઉપરાંત સરકારી પ્રાથમિક શાળાઓમા થતી વિવિધ પ્રવૃતિઓમાં વાલીઓને સામેલ કરવામાં આવે છે. શાળાકીય પ્રવૃતિઓ સતત શાળાના નોટિસ બોર્ડ પર મૂકીને તેનો પ્રચાર થાય છે.

આ ઉપરાંત વર્ચુઅલ ક્લાસ. ઘરે શીખીએ, નવોદયની તૈયારી,એન.એમ.એસ. શિષ્યવૃતી પરીક્ષાની પુર્વ તૈયારી તથા શાળામાં ઉપલબ્ધ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા શિક્ષણ વગેરે બાબતોથી વાલીઓને માહિતગાર કરી સરકારી શાળામાં નામાંકન માટે સતત પ્રયાસો દ્વારા નામાંકનમાં વધારો કરવામાં સફળતા મેળવેલ છે.








સોનલ મોહસીન ખેબર
શ્રી લતીપુર વાડી શાળા નં .3
તા.ધ્રોલ , જિ.જામનગર
મો. નં.:- 9904723387
sonalkhebar@gmail.com



# વાર્તાનો ખજાનો

જામનગર જિલ્લનાં ધ્રોલ તાલુકાનાં લતીપુર ગામની વાડી શાળા માં ફરજ બજાવતા શ્રી સોનલ મોહસીન ખેબર દ્વારા શાળાનાં બાળકો માટે ગમ્મત સાથે જ્ઞાન અને અસરકારક તથા આનંદદાયી શિક્ષણનો અભિગમનો અમલ થઈ રહ્યો છે. જે પ્રાથમિક શાળાના તમામ ધોરણમાં ઉપયોગી છે. શિક્ષણ એટલે જ્ઞાન મેળવવાની પ્રક્રિયા પરંતુ જો આ પ્રક્રિયાને રમકડાં સાથે રમતા રમતા  આનંદદાયી  શિક્ષણમાં પણ ફેરવી શકાય તો વધારે મજા આવેઆ બાળકો વધારે સમય સુધી  લેખન .પ્રાથમિક શાળાના બાળકો વધારે ચંચળ હોય છે ., ગણન જેવા કાર્યોમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી. સાથે સાથે તેમને વાર્તાઓ ખુબજ ગમતી હોય છે. તેથી આ બાળકોની જિજ્ઞાશાવૃત્તિને સંતોષવા તેમજ શિક્ષણના વિષયવસ્તુને અસરકારક બનાવવા માટે વિવિધ મુર્ત વસ્તુઓ જેવી કે રમકડાં, હાથગુંથણથી બનાવેલા વૃક્ષો, હાથગુંથણથી બનાવેલા નાના પ્રાણીઓના મોડેલ, નકામી વસ્તુઓ માંથી બનાવેલી વસ્તુઓ જેમ કે કાગળમાથી સામાન ભરવાની પેપર બેગ,ગુફા,કુવો વગેરે એકઠા કરવામાં આવ્યાં.

અત્યાર સુધી વાર્તા કથન દ્વારા રજૂ થતી હવે તે મૂર્ત વસ્તુઓ દ્વારા રંગમંચ પર થવા લાગી જે બાળકો માટે આનંદની વાત હતી . અને બાળકોને આકર્ષણ પણ થતું જે રીતે મીનાની દુનિયાની વાર્તાઓ જોવા અને સાંભળવા માટે અમારી શાળાના તમામ બાળકો ઉત્સુક રહેતા તેમજ મારી વાર્તાના ખજાનાની વાર્તાઓની મજા માણવા પણ બાળકો ઉત્સાહ બતાવતા જેનો મને ખૂબ આનંદ થતો.

આ વર્ષે covid-19 મહામારીને લીધે ઓનલાઈન શિક્ષનનો સમય આવ્યો અને તેમાં બાળકોને માઈક્રોસોફ્ટ ટીમ્સ માં જોડાઈને શિક્ષણ મેળવવાનું થયું જેમાં પહેલા તો બહુ ઓછા બાળકો જોડાતા જ્યારે કોઈ પણ વર્ગમાં ઓનલાઈન ક્લાસમાં વાર્તાઓના ખજાનામાથી વાર્તા રજૂ કરવામાં આવતી અને તેથી વધુ ને વધુ બાળકો જોડાવા લાગ્યા અને શિક્ષણનો પહેલાં કરતાં વધારે આનંદ પણ લેતા.

આ રંગમંચ વડે બાળકો પણ વાર્તા કરી શકે છે

રમતાં રમતાં મૂલ્ય શિક્ષણ આપી શકાયું

શિક્ષણમાં સળંગસૂત્રતા લાવી શક્યા.

આ રીતે શાળામ  બાળકોની  અનિયમિતતા પણ દૂર કરી શકાઈ.

આ રીતે વાર્તા ના ખજાનાના પ્રયોગને સફળતા પણ મળી


# તસવીરી ઝલક



વાર્તા નું નામ
સિંહ અને સસલુ




વાર્તા નું નામ
સિંહ અને સસલુ

10:20 AM
AKESH MUKAMSINH S...
1
10078548
241002023031510004
PANARA REKHABEN P. -100
BHARAT KERAMSHING ME...
241010065011910025
BARAIYA Ranjanben G -100...

નિશાબેન હિરજીભાઇ સંતોકી

મો. નં. : **9428668584**

nis**halikhiya**@gmail.com

ધ્રોલકન્યાશાળા,તા. ધ્રોલ,જિ. જામનગર



# ભીંતચિત્ર (Wall painting )

કોરોના મહામારીના સમયગાળામાં નવરાશના સમયના સદ્દુપયોગ બાળકોના કલ્યાણ અર્થે કરવાની તમન્ના સાથે શાળાને સુંદર અને નયનરમ્ય બનાવવા શાળાની દીવાલોને સુંદર ભીતચિત્રોથી સજાવવાનું કામ ધ્રોલ કન્યા શાળાના શિક્ષિકા નિશાબેન સંતોકી દ્વારા કરવામાં આવેલ છે.

બાળકોના શૈક્ષણિક વિકાસ માટે ઉપયોગી બને અને બાળકો રિસેસના સમયે કે નવરાશના સમયે હરતા-ફરતા વાચન કરીને જ્ઞાન મેળવે તે માટે શાળાની દીવાલોમાં શિક્ષણ ઉપયોગી અલગ અલગ વિષયવસ્તુ જેવી કે ગુજરાતી મહિનાના નામ અંગ્રેજી મહીનાના નામ આકૃતિ સાથે શરીરના અંગોના નામ ગણિતની વિવિધ ભૌમિતિક આકૃતિઓ નકશાઓમાં રસ કેળવાય તે માટે તાલુકાનો નકશો સંખ્યા પરિચય થાય તે માટે સંખ્યાનું પેન્ટિંગ આ બધી વિષયવસ્તુઓનું શાળાની અલગ-અલગ દિવાલ કે જ્યાં બાળકો સરળતાથી વાંચી શકે તેવી જગ્યાએ પેન્ટિંગ કર્યું.

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાની શ્રી ધ્રોલ કન્યા શાળાના શિક્ષિકાશ્રી નિશાબેન અને તેમના સાથી શિક્ષિકા શ્રી જયશ્રીબેન દ્વારા શાળાની દીવાલોને શિક્ષણ ઉપયોગી સાધન તરીકે ઉપયોગ કરી આનંદ સાથે રમતા રમતા જ્ઞાન મેળવવા માટેનો નવતર પ્રયોગ અમલી બનાવેલ છે. આ નવતર પ્રયોગ એટલે "વોલપેઇન્ટિંગ"

શાળા શિક્ષણની સફર દરમિયાન જાણવા મળ્યું કે કેટલીક વિષયવસ્તુ બાળકોને યાદ રાખવામાં તકલીફ પડે છે આ વિષયવસ્તુને યાદ રાખવા માટે વારંવાર દર્ઢીકરણની જરૂર પડે છે તો આ સમસ્યાના ઉકેલ માટે મેં શાળાઓની દિવાલ પર આ વિષયવસ્તુઓનું પેઇન્ટિંગ કર્યું. નવતર પ્રયોગ દ્વારા બાળકો.

- સરળતાથી આનંદ સાથે જ્ઞાન મેળવે છે.
- રિસેસના સમયનો સદ્દુપયોગ થાય.
- કાયમી યાદ રાખવાની વિષયવસ્તુનું વારંવાર દઢીકરણ થવાથી બાળકોને આ વિષયવસ્તુ યાદ રહી જાય છે.
- વર્ગખંડ શિક્ષણ સમયની બચત થાય છે . અને બાળકો હરતા-ફરતા જ્ઞાન મેળવે છે.
- શાળાનું ભાવાવરણ સુંદર અને બાળકોને ગમે તેવું રોચક બને છે.
- બાળકોને યાદ રાખવામાં અઘરી પડતી વિષયવસ્તુ સરળતાથી યાદ રખાવી શકીએ છીએ.

# તસવીરી ઝલક


કારતક
માગશર
પોષ
મહા
ફાગણ
ચૈત્ર
વૈશાખ
જેઠ
અષાઢ
શ્રાવણ
ભાદરવો
આસો


જાન્યુઆરી
ફેબ્રુઆરી
માર્ચ
એપ્રિલ
મે
જૂન
જુલાઈ
ઓગસ્ટ
સપ્ટેમ્બર
ઓક્ટોમ્બર
નવમ્બર
ડિસેમ્બર


આજનો દિપક
આજનું ગુલાબ





પ્રજ્ઞા વર્ગ











દેવાંગીબેન માધવજીભાઈ બારૈયા
ધમસાણિયા ચંપકકુમાર ઓધવજીભાઇ
મો. 9429272564 , 9879087187
શ્રી હડીયાણા કન્યા શાળા, તા.જોડિયા, જિ. જામનગર




# તનથી ઘરે પણ મનથી શાળાએ

જામનગર જીલ્લાની ઉતર-પૂર્વ બાજુએ આવેલ હડીયાણા ગામમાં પ્રવેશતાં જ કાશી વિશ્વનાથ મહાદેવનું ઐતિહાસિક વારસો ધરાવતું મંદિર આવેલુ છે. હડિયાણા ગામ વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે આગળ-પડતું નામ ધરાવે છે.

આ ગામમાં આવેલી અને અંગ્રેજોના સમયથી શિક્ષણમા નિરંતર વૃદ્ધિ કરતી શ્રી હડીયાણા કન્યા શાળા છે. શાળામાં કુલ 9 શિક્ષકો કાર્યરત છે. શાળાના ઉત્સાહી ભાષા શિક્ષિકા શ્રી બારૈયા દેવાંગીબેન એમ.સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે આ શિક્ષિકા છેલ્લા પાંચ વર્ષથી શાળા અને શિક્ષણની સમસ્યા નિવારણ માટે સતત નવતર પ્રયોગો હાથ ધરે છે. રહેવાનુ ન થતાં બાળકોને શાળા સાથે કઈ રીતે જોડી રાખવા તે એક સમસ્યા બની રહી હતી. કોરોના મહામારીને કારણે શાળાઓમાં બાળકોને હાજર રહેવાનુ ન થતાં બાળકોને શાળા સાથે કઈ રીતે જોડી રાખવા તે એક સમસ્યા બની રહી હતી.

કોરોના મહામારીને કારણે જ્યારે શાળાઓને બંધ કરવામાં આવી ત્યારે માર્ચ માસમાં પરીક્ષાનો સમયગાળો નજીક હતો. અચાનક શાળા બંધ થતાં બાળકો શાળાથી દૂર થવા અને કોરોનાના ભયના ઓથાર નીચે આવવા લાગ્યા ત્યારે તેમણે નક્કી કર્યું કે ઘેર થી પણ આપણે આપના બાળકોને શાળા સાથ જોડી રાખવા છે. ત્યારે તેમની શાળાનું એક વોટ્સએપગ્રૂપ ચાલતું હતું. તેમાં કોરોની જાગૃતી અંગે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું જેમાં બાળકો અને વાલીઓને સામેલ કરવામાં આવ્યા. તેમાં આશરે 40 જેટલા બાળકો અને 15 જેટલા વાલીઓએ ભાગ લીધો. અહીથીજ તેમના નવતર પ્રયોગની શરૂઆત થઈ. વર્ષના પ્રારંભે પણ શાળા ના ખૂલતાં ઓનલાઈન શિક્ષણ અને બીજી સહ અભ્યાસીક પ્રવૃતિઓ ઓનલાઈન શરૂ કરવાનું નક્કી કર્યું. ટેક્નોલોજીના માધ્યમો ધરાવતા અને તેનાથી વંચિત બાળકોનો સર્વે કરી કામ શરૂ કર્યું ત્યારે ધોરણ 6 થી 8 માં માઈક્રોસોફ્ટ ટીમ્સ માં ઓનલાઈન લેકચરની શરૂઆતમાં 30 જેટલા બાળકો જોડાયા અને અન્ય ઓનલાઈન તેમજ ઓફલાઇન પ્રવૃતિઓમા ધોરણ 1 થી 8 ના 90 જેટલા બાળકો સામેલ હતા. જેમ જેમ કોરોના વેકેશન લંબાતું ગયું તેમ તેમ વાલીઓને જાગૃત કરીને બાળકોને વિવિધ પ્રવૃતીઓ વિષે રૂબરૂ માહિતી આપીને હાલ ઓનલાઈન શિક્ષણમાં ધોરણ 6 થી 8 માં 55 જેટલા બાળકોને સામેલ કરી શકાયા જ્યારે ઓફલાઇન અને અન્ય વિવિધ પ્રવૃતિઓમા ધોરણ 1 થી 8 ના 150 જેટલા બાળકોને જોડી શક્યા.

જે બાળકો સ્માર્ટફોન ધરાવતા નથી તેવા બાળકો પણ શિક્ષણથી વંચિત ના રહે તે માટે ટેલીવિઝનના માધ્યમથી ડીડી ગિરનાર પ્રસારણ દ્વારા શિક્ષણ મેળવી શકે તેવી જાગૃતી ફેલાવી.

જે બાળકો ટેક્નોલોજીના કોઈપણ સ્ત્રોત ધરાવતા નથી તેવા બાળકોને પાઠ્યપુસ્તકો ,ઘરે શિખીએ પુસ્તિકા તથા એકમ કસોટી વગેરે ઘેર ઘેર રૂબરૂ મુલાકાત કરી નિયમિત માર્ગદર્શન આપવામાં આવ્યું.

અભ્યાસકાર્ય દરમિયાન મળતા હોમ વર્કનું મૂલ્યાંકન પણ વોટ્સ એપ, રૂબરૂ મુલાકાત તેમજ ટેલિફોનિક સંપર્ક શિક્ષક દ્વારા નિયમિત કરવામાં આવે છે.

એકમ કસોટીનું મૂલ્યાંકન કરીને મેસેજ દ્વારા બાળકોએ મેળવેલ ગુણની જાણ વાલીઓને કરી ઉપચારાત્મક કાર્ય અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.

સહઅભ્યાસિક પ્રવૃતિઓ:- સંપૂર્ણ લોકડાઉનના સમયે કોરોના વાઇરસનો ડર દૂર કરવા તેમજ જાગૃતિ ફેલાવવા શાળા દ્વારા યોજેલ ઓનલાઈન ચિત્ર સ્પર્ધામાં વાલીઓ તથા વિદ્યાર્થીઓએ બહોળા પ્રમાણમાં ભાગ લીધો.

ઘરે રહીને પણ બાળકોમાં વિવિધ સર્જનાત્મક પ્રવૃતિઓનો વિકાસ થાઈ તે માટે વેસ્ટમાથી બેસ્ટ અને અન્ય શૈક્ષણિક ટીએલએમ બનાવવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

ઘેર બેઠા પણ શાળાના માહોલમાં રહી શકે તે માટે શાળા દ્વારા વિવિધ દિન વિશેષની ઉજવણી ઘેર બેઠા બાળકો પાસે ઘેર બેઠા બાળકો પાસે કરાવવામાં આવે છે જેમ કે શિક્ષકદિન .સ્વાતંત્ર્યદિન, ગાંધી જયંતિ, યોગ દિવસ અને હાલ નવરાત્રીમાં પણ બાળકો ગરબા ડેકોરેશન, દાંડિયા ડેકોરેશન, આરતી ડેકોરેશન અને ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધા, દિવાળીની ઉજવણી રૂપે રંગોળી સ્પર્ધા, નાતાલની ઉજવણીના ભાગ રૂપે નાતાલ ટ્રી ડેકોરેશન સ્પર્ધામાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના ફોટો મોકલી રહ્યા છે.

શાળા તથા સમાજ ઉપયોગી અન્ય કાર્યો લોકડાઉન સમય દરમિયાન પણ બાળાઓના હેલ્થ વિષે સતત જાગૃત રહી Whisper કંપનીના સહયોગથી ધોળકિયા યશોદાબેનના માર્ગદર્શન હેઠળ યોજેલ હેલ્થ વેબીનારમાં શાળાની ધોરણ 6 થી 8 ની બાળાઓ, ગામની માતાઓ અને મહિલા સ્ટાફે ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.

સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાને કરવામાં આવતા અનાજ વિતરણ અને અન્ય રોકડ સહાય સર્વે જેવી સમાજ ઉપયોગી પ્રવૃતિઓ કરી. વેકેશનથી બંધ પડેલ અને વરસાદને કારણે મેદાનમાં ઊગી નિકળેલ ઘાસ દૂર કરી શાળા તથા મેદાનની સફાઈ કરી.

શાળાના નવા કેમ્પસમાં વૃક્ષારોપણ માટે જાતે ખોદકામ કરી કયારા બનાવી તથા સ્વખર્ચે નર્સરીમાથી છોડ તથા રોપાઓ લાવી વૃક્ષારોપણ કર્યું તથા પાણીની ખાલી બોટલોમાં સુશોભન કરી કુંડા તૈયાર કર્યા.

શાળાનું જૂનું ફર્નિચર જેવુ કે કબાટ, ટેબલ તથા બેંચીસ નું રંગરોગાન જાતે કરીને ફર્નિચરને નવા વર્ગખંડોમાં ગોઠવ્યું.

આ નવતર પ્રવૃત્તિ દ્વારા શાળાની વિવિધ સમસ્યાઓનું સમાધાન મળ્યું અને નીચે મુજબના પરિણામો પ્રાપ્ત થયા જેવા કે...

- કોરોના મહામારી સમયે શાળામાં બાળકોની ગેરહાજરી હોવા છતાં તેઓને સતત શાળા સાથે જોડી રાખવાના તેમના આ નવતર પ્રયોગનું પરિણામ ખૂબ સારૂં જોવા મળ્યું છે.શરૂઆતમાં વાલીઓ તથા બાળકો સાથેના સંપર્કમાં જે મુશ્કેલીઓ આવતી તેનું અત્યારે સંપૂર્ણ નિરાકરણ થયેલ છે અને અત્યારે પણ જેમ શાળા ચાલતી એવો જ માહોલ સ્થાપિત કરવામાં સફળ રહ્યા છે.. અહી એ ઉલ્લેખ જરૂરી છે કે શિક્ષિકા બેનશ્રી દેવાંગીબેન બારૈયા દ્વારા કરેલ આ તનથી ઘરે પણ મનથી શાળાએ  પ્રયોગ દ્વારા બાળકોને કોવિડ-19 આપત્તિભર્યા સમયમાં પણ શાળાઓમાં થતી તમામ પ્રવૃતીઓનો રસાસ્વાદ ઘેર બેઠા કરવી શકાય છે.
- આ પ્રયોગથી કોવિડ 19 ની આપતીને અવસરમાં ફેરવી શકયા છીએ. ખરેખર એક નવતર વિચાર ધરાવનાર શિક્ષક શાળાની કોઈપણ સમસ્યા બાળકમય થઇ નિવારણ કરી શકે છે.












ધમસાણીયા રમેશચંદ્ર એસ.

૯૯૦૯૦ ૩૬૪૯૦,

સહાયક : યોગેશ એચ. ભેંસદડિયા

૯૪૨૬૩ ૩૩૭૧૮

ileana.ramesh@gmail.com

શ્રી નેસડા પ્રાથમિક શાળા, તા.જોડીયા, જિ. જામનગર





# લોકડાઉનનો સદઉપયોગ (ગણિત – વિજ્ઞાન શૈક્ષણિક સપસીડી નિર્માણ )

કોરોનાની વૈશ્વિક મહામારીથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે. અને બાળકો પણ સામેલ છે. કોરોનાના આ સંકટ સમયમાં બાળકોની માનસિક સ્થિતિ જાળવી રાખવી એ ખૂબ જ અગત્યનું હોય લોકડાઉન દરમિયાન નવરાશના સમયમાં બાળકોને ગણિત અને વિજ્ઞાનમાં રસ પડે અને આનંદદાયી શિક્ષણ મળે તેમજ માનસિક શક્તિનો વિકાસ થાય તે માટે નેસડા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી રમેશચંદ્ર ધમસાણિયા એ પોતાના સાથી યોગેશ ભેંસદડિયાની મદદથી એક નવતર પ્રયોગ હાથ ધરવાનું નક્કી કર્યું. તેના ભાગ રૂપે જન્મ થયો એક નવા ઇનોવેશનનો લોકડાઉનનો સદઉપયોગ (ગણિત – વિજ્ઞાન શૈક્ષણિક સપસીડી નિર્માણ )_______ શ્રી ધમસાણીયા રમેશચંદ્ર એસ. વર્ષ ૨૦૧૦ થી ગણિત-વિજ્ઞાન શિક્ષક તરીકે બજાવી રહ્યા છે. તેમણે આ ઇનોવેશનની શરૂઆત કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે લોકડાઉન દરમિયાન એપ્રિલ ૨૦૨૦ માં કરી. જેમાં તેમણે તેની શાળાના સામાજિકવિજ્ઞાનના શિક્ષક ભેંસદડિયા યોગેશ એચ.કે જેઓ ગણિત પ્રેમી હોય આ ઇનોવેશનમાં તેમનો સહકાર લઈ સયુક્ત રીતે આ ઇનોવેશન હાથ ધર્યું . આ ઇનોવેશન કરવામાં શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ પનારા તેમજ અન્ય શિક્ષક મિત્રોનો સહકાર સાંપડ્યો છે. જેમાં ઇન્ટરનેટ પર ખાખાખોળા તથા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શિક્ષકમિત્રોએ બનાવેલ વિવિધ સાપસીડીનો સંદર્ભ લઈ જરૂરિયાત મુજબ સુધારા કરી નવા જ પ્રકારે શાળામાં નકામી પડેલી પ્લાયવૂડની શીટ પર ડ્રોઈંગ શીટ લગાવી વિવિધ કલર, ફેવિકોલ, સેલોટેપ વગેરેનો ઉપયોગ કરીને અંદાજે 30 જેટલી વિજ્ઞાનની શૈક્ષણિક રમતોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ મોડલ લોકડાઉન દરમિયાન બાળકોને પોતાની ઘેર ઉપયોગ કરવા માટે આપીને તેમણે પ્રવૃતિમય શિક્ષણ આપવાના સનિષ્ઠ પ્રયાસો કરવામાં આવેલ છે.આ ઉપરાંત શાળા શરૂ થયા બાદ મોડલનો ઉપયોગ જાતે બાળકો રિશેષના સમયમાં અથવા ફ્રી તાસ દરમિયાન કરી વિવિધ ગાણિતિક અને વૈજ્ઞાનિક સમાજ મેળવી શકે છે

આ નવતર પ્રયોગના અમલ પહેલા બાળકોની ગણિત અને વિજ્ઞાનની વિવિધ સંકલ્પનાઓની સમજ 50%હતી જે હાલ વધી ને 70% થઈ છે. આમ છતાં અસરકારક પરિણામ શાળા શરૂ થયા બાદ કરવામાં આવશે ત્યારબાદ મૂલ્યાંકનના પરિણામો પ્રાપ્ત થશે. હાલ કોરોનાની મહામારી હોય શાળા બંધ હોય બાળકોને ઘેર આ શૈક્ષણિક સાપસીડી આપવામાં આવી છે તેમણે જરૂર પડ્યે ફોન પર માર્ગદર્શન આપવામાં આવે છે. છે .સાથે pdf ફાઇલ પણ વોટ્સઅપ ના માધ્યમથી પહોચડેલ છે.









વિટામિનની રમત


કોટિકોણની રમત

મારી દવા શોધી આપો


પ્રાણીજગત
START
END

આપણુ સૂર્યમંડળ


કહો હું કોણ છું?
START


આગે-પીછે ખસો


પર્યાવરણ બચાવો


બળ અને કળ વાપરો

કપુરિયા પંકેશકુમાર બાબુભાઈ
મો.નં. :9428307076
શ્રી મેઘનાગામ પ્રાથમિક શાળા
તાલુકો : લાલપુર,  જિલ્લો : જામનગર



# પ્રેક્ટીસ બુક

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાનાલુસ સી.આર.સી. હેઠળસમાવિષ્ટ થતાં મેઘનાગામ વિસ્તાર અને વસતિની દ્રષ્ટિએ એક નાનકડું ગામ છે. આ ગામમાં બાળકોને શિક્ષણની સુવિધા મળી રહે તે માટે ધોરણ૧ થી ૭ ની પ્રાથમિક શાળા આવેલી છે. ગામની શાળામાં હાલ કુલ ૫૧ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. આ શાળામાં વર્ષ ૨૦૧૦ માં શિક્ષક તરીકે કપૂરીયા પંકેશભાઈની નિમણૂક થયેલી. તેઓ શાળામાં ધોરણ ૧ અને ૨ ના પ્રજ્ઞા શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ ગુજરાતી, ગણિત અને પર્યાવરણના વિષય શિક્ષક તરીકે કામ કરી રહયા છે.

પંકેશભાઇએ અનુભવ્યું કે શાળાના ધોરણ ૧ માં દાખલ થતાં બાળકો લેખન કરવામાં કચાશ ધરાવતા હતા. તેઓને મૂળાક્ષર ઓળખવાની તથા લેખનની સમસ્યા હતી તે બાળકો પૈકી મોટા ભાગના બાળકોના વાળી અભણ અથવા ઓછું અક્ષરજ્ઞાન ધરાવતા હતા.જેથી ધોરણ ૧ ના બાળકોને ગુજરાતી ભાષાના મૂળાક્ષર અને ગણિતના મૂળભૂત અંકો શીખવવા અને લખાવવામાં સમસ્યા આવતી હતી. મેઘનાગામ પ્રાથમિક શાળાના શિક્ષકે સમયાંતરે ક્લસ્ટર અને બ્લોક કક્ષાની તાલીમમાં અન્ય શાળાના શિક્ષકો પાસેથી પણ ઉપરોક્ત સમસ્યા હોવાનું જાણવા મળેલ અને સમસ્યાના સમાધાન માટે તેમણે કઈંક નવતર કાર્ય કરવાની પ્રેરણા મળી. અને સફર થઈ નવા પ્રવેશપાત્ર બાળકો માટની પ્રેક્ટીસ બુક આંગણવાડી, L.K.G, H.K.G, પ્રજ્ઞા વર્ગ ધોરણ –૧ ના બાળકો માટે ખુબજ ઉપયોગી છે. તેમના દ્વારા નિર્માણ પામેલ પ્રેક્ટીસ બુકમાં શરૂઆતમાં બાળક મુક્ત રીતે લીટા કરીને પેન્સિલ પકડતા શીખશે. ત્યારબાદ ડોટેડ ફોંટમાં આપેલ જુદા જુદા આકારના લીટાઓ ઘૂટીને વળાંક શીખી શકે છે. આ પ્રેક્ટીસ બુકમાં મૂળાક્ષરો ડોટેડ ફોન્ટમાં હોવાથી બાળક મૂળાક્ષરોને ઘૂટતા ઘૂટતા યાદ રાખી  અને જાતે લખતા  શીખી શકે છે .લેખન કાર્ય માટે એક પાનામાં ઘુંટીને પ્રેક્ટીસ કર્યા બાદ બીજા પાના પર ઘૂટતા ઘૂટતા જાતે લખવા માટે એક ખનું .... બે ખાના....ત્રણ ખાના ..... એમ સ્ટેપ બાય સ્ટેપ જાતે લેખન માટેના ખાનાની સંખ્યા વધતી જાશે. જેમ જેમ બાળક સ્ટેપ બાય સ્ટેપ જાતે લખતું થાય. તેમ તેમ લેખાંકાર્ય માટેના તેના આત્મવિશ્વાસમાં વધારો થતો જાય છે.

લેખન કાર્ય બાદ દરેક બીજા પાને શીખેલ મૂળાક્ષરોમાં રંગપૂરણી કરવા માટે મૂળાક્ષરો આપેલા છે જે બાળક માટે આનંદદાયક બન્યા છે. બાળક એક એક મૂળાક્ષર શીખી શકે છે. પરંતુ વારંવાર રિવિજનના અભાવે બાળક આગળના શીખેલા મૂળાક્ષર ભૂલી જાય છે આ સમસ્યાના નિવારણ માટે પ્રેક્ટિસ બુકમાં દરેક મૂળાક્ષરનું દરેક પાના પર રિવીઝન આપવામાં આવ્યું છે. જે બાળક જાતે વાચન લેખન કરીને યાદ રાખી શકશે. જેથી ભૂલી જવાની સમસ્યાનું નિવારણ થયું છે. એકમના અંતે શીખેલ તમામ મૂળાક્ષરોનું રિવીઝન અને નવું શીખીએ દ્વારા બાળક નવા મૂળાક્ષરો અને બારક્ષરી શીખે છે. તેથી અલગથી બારક્ષરી શીખવવાની જરૂર પડતી નથી. ડોટેડ મૂળાક્ષરો ઘૂટવાના હોવાથી બાળકના હસ્તાક્ષરોના વળાંકોમાં સુધારો થયો છે. ઉપરના ધોરણમાં કોઈ બાળક વાચન અને લેખણમાં નબળું રહી ગયું હોય તો તેવા બાળકો માટે વચન-લેખન અને હસ્તાક્ષરો સુધારવા માટે ખુબજ

ઉપયોગી 1 થી 9 ની સંખ્યાનું રીવીઝન સાથે રંગપૂરણી કરી શકે છે અને અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકોને ગુજરાતી શીખવા માટે પણ ખૂબ ઉપયોગી છે .વાલી સાથે ચર્ચા કરી મહાવરા માટે બાળકોને ઘરે પણ આપી શકાય છે.

પંકેશભાઇના પ્રસ્તૃત નવતર પ્રયોગથી પ્રજ્ઞા વર્ગના બાળકોને નીચે મુજબના ફાયદા થયેલ છે.

૧. પ્રારંભિક ધોરણના બાળકો મૂળાક્ષરો ઝડપથી શીખી શકે છે.


૨. બાળકોને લખવાની મજા આવે છે.


3. પપ્પાની મદદ મમ્મી પણ એકલા લેશન કરી શકવા શક્ષમ બન્યા છે.

૪. પ્રવૃતિવાર કલર પુરવા ગમે છે.

પ્રજ્ઞા વર્ગમાં પુસ્તકો ઘરે આપવાના ન હોવાથી બાળકને શુ શીખવવું તેનો ખ્યાલ ન હતો. આ બુકની મદદથી અભ્યાસક્રમ મુજબ દરેક એકમના મૂળાક્ષરોની પ્રેક્ટીસ ઘરે કરાવી શકાય છે.વર્ષ 2018-19 માં મેઘનાગામ શાળાના 20 બાળકોએ ઉપયોગ કરેલ હતો જ્યારે વર્ષ 2019-20 માં પ્રેક્ટિસ બુકનો ઉપયોગ 7 જેટલી સરકારી શાળાના 100 કરતાં પણ વધુ બાળકોએ કરેલ છે. ચાલુ વર્ષે કોરોના મહામારીને કારણે શાળાઓ બંધ છે. ત્યારે તેમને PRAGNA EDUCATIONAL BLOG બનાવેલ છે. તેમાં મુકવામાં આવેલ તમામ પોસ્ટની ૧૫૦૦ કરતા વધુ વિઝીટર દ્વારા વિઝીટ થયેલ છે. પંકેશભાઈએ PRAGNA EDUCATIONAL અને MARUTI NANDAN નામથી WHATSAPP ગ્રૂપ પણ બનાવેલ છે. જેનો લાભ તાલુકા ,જિલ્લા અને રાજ્યની ઘણી શાળાના શિક્ષક મિત્રો લઈ રહ્યા છે.










ઝાલા રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ

બાઘલા પ્રાથમિક શાળા,

તાલુકો : લાલપુર, જિલ્લો : જામનગર



# ( A ) નવજીવન સમાચાર ત્રિમાસિક અંક

શાળા એ શિક્ષણ અને સંસ્કાર મેળવવાનું ધામ છે. શાળામાં અભ્યાસ કરતાં બાળકોને સાક્ષરી જ્ઞાનની સાથે સાથે નવીન જ્ઞાન પણ મળી રહે તે જરૂરી છે. બાળકો વર્તમાન પ્રવાહથી વાકેફ બને તેવો પ્રયાસ કરેલ છે.

લાલપુર તાલુકા મથકેથી 22 કીમી ના અંતરે આવેલ બાઘલા પ્રાથમિક શાળાના બાળકોને નવું જ્ઞાન મળી રહે તે માટે બાઘલા પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક શ્રી ઝાલા રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ દ્વારા વર્ષ 2018 થી આ નવતર પ્રયોગ અમલી બનાવવામાં આવેલ છે.

આ નવતર પ્રયોગ બાઘલા પ્રાથમિક શાળા ઉપરાંત અન્ય શાળાના બાળકો માટે પણ ઉપયોગી બને તેવો છે જેના દ્વારા

- બાળકો એક કરતા વધારે વિષયોનું જ્ઞાન મેળવી શકે છે.
- બાળકોને સામાન્યજ્ઞાન શીખવવામાં મદદરૂપ બની શકે છે.
- બાળકો દિનવિશેષથી માહિતગાર બને છે.
- બાળકો જાણવા જેવું શીખી શકે છે..
- બાળકો જોડકણા અને ઉખાણા યાદ રાખી શકે છે.
- બાળકો ચિત્ર દોરવા પ્રેરાય છે.
- બાળકોને વાર્તાનું શિક્ષણ મળી રહે છે.
- બાળકો વ્યાકરણ જેવા મુદ્દા આત્મસાત  કરી શકે છે.

## તસવીરી ઝલક






- બાળકોને નવી માહિતી મળે.
- બાળકો ચિત્ર દોરતા થાય.
- બાળકોનો શિક્ષણ પ્રતયે રસ વધે.
- બાળકોનો વાચન રસ કેળવાય.
- બાળકોના અક્ષર સુઘડ બને.
- બાળકોને નવી પ્રવુતિ કરવાની પ્રેરણા મળે
- બાળકો ચિત્ર દોરતાં થાય.
- બાળકો વિવિધ તહેવારનો મહિમા જાણે.
- સ્વચ્છતાનું મહત્વ સમજે.
- બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે.

અનુક્રમણિકા

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | શ્લોક, પ્રાર્થના | 2 | 11 | હલજી લવજી દામાણી | 22 |
| 2 | ધુન , શોધો | 3 | 12 | બળવંતરાય ઠાકોર | 23 |
| 3 | સામન્યજ્ઞાન | 5 | 13 | સમય વિશે જાણીએ | 24 |
| 4 | રંગ | 8 | 14 | ગણિત ગમ્મત | 25 |
| 5 | વર્ણ | 11 | 15 | ચિત્રમાં ભૂલ શોધો | 27 |
| 6 | ચાલો ચિત્ર દોરતાં શીખીએ. | 12 | 16 | જોડકાં બનાવો | 28 |
| 7 | જાણવા જેવું | 15 | 17 | આર્ટિકલ્સ | 29 |
| 8 | મહાત્મા ગાંધી | 19 | 18 | અંગ્રજી અક્ષરોના ઉચ્ચાર | 29 |
| 9 | નરેન્દ્રભાઈ મોદી | 20 | 19 | ખૂટતો ભાગ બતાવો | 30 |
| 10 | રણજીતરામ મહેતા | 21 | 20 | Thank you | |

Zala Rajendrasinh pratapsinh 9099397144 1

# (B) લોકડાઉનમાં બાળકોને શિક્ષણ પ્રત્યે ઉત્સાહપૂર્વક જોડવાની ચાવી એટલે– સન્માનપત્ર

કોરોના સામેની મહામારીમાં બાળકો ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે ત્યારે બાળકોમાં શિક્ષણ પ્રત્યે ઉત્સાહ જળવાઈ રહે અને બાળકો શિક્ષંથી વંચિત ના રહે તે જરૂરી છે.

બાઘલા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ઝાલા રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ 2010 થી બાળકોને શિક્ષણ આપી રહ્યા છે. જેમને બાળકોને કોરોના જેવી મહામારીમાં શિક્ષણમાં રસ લેતા કરવા માટે જૂન 2020 થી એક નવતર પ્રયોગ હાથ ધરેલ છે.

ધોરણ 3 થી 8 ના બાળકો શિક્ષણ મેળવવા તત્પર બને તે માટે બાળકોને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવે છે. જેથી કરીને બાળકો તત્પર બને.

લાલપુર તાલુકથી 22 કીમીના અંતરે આવેલ બાઘલા પ્રાથમિક શાળાના બાળકોને શિક્ષણ પ્રત્યે જોડી રાખવાનું બીડું ઝડપ્યું છે.

બાઘલા પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક બાળકોને whatsapp દ્વારા બાળકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવાનો એક નવતર પ્રયોગ અમલી બનાવેલ છે. જેના દ્વારા

- બાળકો શિક્ષણ મેળવવા તત્પર બને છે.
- બાળકો જુદી જુદી પ્રવૃત્તિ કરવા પ્રેરાય છે.
- બાળકો નવા નવા પ્રોજેક્ટ રજુ કરી શકે છે.
- બાળકો ઘરે રહીને શિક્ષણ સાથે જોડાયેલ રહે છે.
- બાળકો પ્રમાણપત્ર મેળવવા સારી કામગીરી કરી શકે છે.
- બાળકોનું આત્મ ગૌરવ વધે છે.